# ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશ

## પ્રદેશ બૃહદ કારોબારી બેઠક

**તારીખ : ૧૯.૦૯.૨૦૧૭, મંગળવાર**

**સ્થળ : પં. દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ-કૉમ્યુનિટી હૉલ, રાજપથ ક્લબ પાછળ, એસ. જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ.**

---

### "સરદાર સરોવર ડેમના લોકાર્પણ થી ગુજરાત વિરોધીઓના હાથ હેઠા પડયા અને ગુજરાતના વિકાસના દ્વાર ખુલ્યા"

### "નર્મદા અવતરણ ગુજરાતની સમૃધ્ધિ વિવાદોના વમળોમાંથી વાસ્તવિકતાના વહેણ સુધી"

સમગ્ર દેશ અને ગુજરાત માટે અગત્યનો સરદાર સરોવર ડેમ–નર્મદા ડેમનું કામ પૂર્ણ થયુ. સાત-સાત દાયકાથી જેના માટે અવિરતપણે રાહ જોવાતી હતી તે સરદાર સરોવર ડેમને ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન દીર્ઘદ્રષ્ટ્રા માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે લોકાપર્ણ કરવામાં આવ્યું સમગ્ર દેશ અને ગુજરાત આ કાર્યથી આનંદ અને ગૌરવ અનુભવે, એ સ્વભાવિક પ્રક્રિયા છે. ચાર રાજયો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના વિકાસ માટે ધરોહર અને પ્રત્યકે વ્યકિતના જીવનને સ્પર્શ કરીને વિકાસને વેગ આપવામાં મા નર્મદાના પાણી પ્રત્યેક સ્વરૂપે ઉપયોગી પૂરવાર થશે. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસને સેવા દિવસ તરીકે જયારે ઉજવવાનું નકકી થયું તેજ દિવસે લોકાર્પણ કરી સમગ્ર ગુજરાત અને દેશના લાખો ખેડૂતો અને દેશવાસીઓના રોજગારી અને વિકાસ માટેનું ઉમદા સેવાનું કાર્ય થયું.જે માટે કેન્દ્રની નરેન્દ્રભાઇ મોદીની સરકાર અને ગુજરાતની માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની સરકારને આજની આ કારોબારી હર્ષ અને ગૌરવ સાથે અભિનંદન પાઠવે છે.

૧૯૪૬માં આઝાદી પહેલાની વચગાળાની સરકારમાં શ્રી સરદાર વલ્લભભાઇ પટેલે નર્મદા યોજનાના સ્વપ્નને સાકાર કરવા વિચાર મુકયો. ૧૯૫૯માં આઝાદી પછી તુરત જ તેના માટે દરખાસ્ત થઇ, એપ્રિલ ૧૯૬૧માં તેનો શિલાન્યાસ થયો. ૧૯૬૧ થી ૧૯૯૫ સુધી દેશમાં અને ગુજરાતમાં મોટા ભાગના સમયમાં કોંગ્રેસની સરકારો રહી. પરંતુ સરદાર સરોવર ડેમનું કામ અટકેલુ જ રહ્યું. ૧૯૭૯ માં ટ્રિબ્યુનલ ના ચુકાદા પછી છેક ૧૯૮૭માં ડેમના બાંધકામની શરૂઆત થઇ. ૧૯૯૮-૯૯માં અદાલતની મંજુરી બાદ ડેમની ઉંચાઇ ૮૫ મીટર સુધી પહોંચી.

ઓકટોબર ૨૦૦૦થી લઇને નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ૨૦૦૬ સુધીમાં ૧૨૧.૯૨ મીટર સુધીની તબક્કાવાર મંજુરી પ્રાપ્ત થઇ. તે સમય દરમ્યાન ૨૦૦૬માં કેન્દ્ર સરકાર દ્વારા કામમાં રૂકાવટો ઊભી કરવામાં આવી. તે સમયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કેન્દ્ર સરકાર સામે ૭૨ કલાકના ઉપવાસ આંદોલન કરવામાં આવ્યુ અને સમગ્ર ગુજરાતમાંથી ડેમનું કામ અટકાવનાર કેન્દ્રની કોંગ્રેસ સરકાર સામે પ્રચંડ રોષ ઊભો થયો અને કેન્દ્ર સરકારે અટકાવેલ કામ ચાલુ કરવાની મંજુરી આપવી પડી.

- ઓકટોબર ૧૯૮૮ના રોજ રૂ. ૬,૪૯૬ કરોડની આયોજન પંચે મંજુરી આપેલ જે ૨૦૧૬માં રૂ. ૫૪,૭૭૩ કરોડના સુધારેલ અંદાજોની મંજુરી પ્રાપ્ત થયેલ છે.
- અત્યારસુધી આ યોજનામાં રૂ. ૬૦ હજાર કરોડ જેટલો અંદાજીત ખર્ચ થયેલ છે.
- નહેર માળખાઓના કામોમાં મુખ્ય પ્રશ્ન હતો ખેડુતોની ખાનગી જમીન સંપાદનનો. રાજય સરકારે અભુતપૂર્વ નિર્ણય શક્તિ દ્વારા જંત્રી ભાવે વળતર ચુકવીને સંમતિ એવોર્ડ દ્વારા ૧૧ હજાર હેકટરથી વધારે જમીન સંપાદન કરીને નહેરોના કામમાં પ્રગતિ લાવ્યા અને પાણી દુર–દુર સુધી પહોંચ્યા.
- વિશ્વની એક મોટી યોજનાં જેમાં અનેક અવરોધો આવ્યા એક સમયે પર્યાવરણના નામે વિશ્વ બેંકે પણ આર્થિક સહાય આપવાની ના પાડી દીધી પરંતુ ગુજરાતની ખમીરવંતી પ્રજાને કારણે આ બંધની કામગીરી આખરે પુર્ણ થઇ.

કેન્દ્રમાં માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર પહેલા દસ વર્ષ કોંગ્રેસની સરકાર રહી. ગુજરાત વિરોધી કોંગ્રેસે નર્મદા ડેમના બાંધકામમાં વર્ષો સુધી આડખીલી ઉભી કરી છતાય ભાજપાની વિવિધ સરકારોની મક્કમતાના કારણે ડેમનું કાર્ય હાથ ધરાયુ અને પૂર્ણ કરાયુ. જયારે ડેમ પર દરવાજા મુકવાની મંજુરી માંગવામાં આવી ત્યારે તે સમયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી–રાજય સરકાર-સાંસદો વગેરેએ ૮ વર્ષ પ્રયત્નો કર્યા પરંતુ તે માટે મંજુરી અપાઇ નહીં. જે કોંગ્રેસની ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાના વિરોધની માનસિકતા છતી થઇ.

ગુજરાતની અને દેશની કોંગ્રેસે-કોંગ્રેસી સરકારોએ અનેક આડખીલીઓ સરદાર સરોવર ડેમ માટે ઉભી કરેલ. જયારે જયારે કોંગ્રેસ સત્તામાં આવી ત્યારે સરદાર સરોવર ડેમની યોજના અટકાવાયી છે અને ભાજપાની સરકારમાં યોજના આગળ વધેલ છે.

## <u>સરદાર સરોવર ડેમ માટે ગુજરાત વિરોધી કોંગ્રેસ જવાબ આપે.</u>

- નર્મદા ડેમને પુર્ણ થતાં કેમ આટલા બધા વર્ષો લાગ્યા ? કોના પાપે કામ મોડુ થયું ?
- ૧૯૬૧ થી ૧૯૯૫માં કેન્દ્ર અને રાજયોમાં કોંગ્રેસની સરકારો હતી છતાં કામમાં કેમ પ્રગતિ ન થઇ ?
- નર્મદા ડેમના કામને મંજુરીઓ મળી ત્યારે તે સમયના કેન્દ્રીય મંત્રી શ્રી સૈફદીન સોઝે નર્મદા ડેમની વિરૂધ્ધ કેમ મતદાન કર્યુ? કામને અટકાવ્યુ?
- કહેવાતા પર્યાવરણવાદીઓને સાથે નર્મદા ડેમના વિરોધમાં કોંગ્રેસે કેમ સાથ આપ્યો ?
- કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે નર્મદા ડેમના દરવાજા મુકવાની મંજુરી કેમ ન અપાઇ ? ગુજરાત કોંગ્રેસ પોતાની કેન્દ્ર સરકાર પાસેથી કેમ મંજુરી લાવી ન શકી?
- દરવાજા મુકવાની મંજુરી શ્રી નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકારે આપી ત્યારે ગુજરાત કોંગ્રેસના નેતા શ્રી મોઢવાડીયા નર્મદા વિરોધી મેઘા પાટકરને શા માટે મળ્યા ? કોંગ્રેસને વર્ષો પછી ત્યારે જ વિસ્થાપીતો કેમ યાદ આવ્યા?
- દરવાજા બંધ કરવાની મંજુરી મળ્યા પછી કોંગ્રેસના આગેવાનો શ્રી દિગ્વીજયસિંહ અને શ્રી જ્યોતિરાદિત્ય સિંધીયાએ નર્મદા ડેમ વિરોધની વાત કરી તે માટે ગુજરાત કોંગ્રેસે કેમ કશુ કહ્યું નહિ?

જુન ૨૦૧૪માં કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર બની અને તેનાં કાર્યભાર સંભાળવાની સાથે ૧૭મા દિવસે જ બંધને પૂર્ણ ઉંચાઇ સુધી લઇ જવાની અને ખુલ્લા રાખવાની સ્થિતિમાં દરવાજા મુકવાની મંજુરી મળી અને તે જ દિવસે કામનો આરંભ કરી અવિરત ચાલુ રાખી નિયત સમય મર્યાદા કરતા છ માસ વહેલુ કામ પુર્ણ કરાયુ અને પુન: શ્રી નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકાર દ્વારા ડેમના દરવાજા બંધ રાખવાની પણ મંજુરી આપવામાં આવી. જેનું લોકાર્પણ રાષ્ટ્ર અર્પણા દેશના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ૧૭ સપ્ટેમ્બર કરવામાં આવ્યુ.

## <u>દરવાજા બંધ કરવાથી થનાર ફાયદા :</u>

- હાલ મહત્તમ ૧૨૧.૯૨ મીટર (૪૦૦ ફૂટ) સુધી એટલે કે ૧.૨૭ મિલીયન એકર ફૂટ પાણીનો જીવંત સંગ્રહ શકય હતો.
- ૧૩૮.૬૮ મીટર (૪૫૫ ફૂટ) સુધી પાણીનો જીવંત સંગ્રહ થતા ૪.૭૩ મિલીયન એકર ફૂટ સંગ્રહ શકય બનશે
- પાણીની સંગ્રહ ક્ષમતામાં ૩.૭૫ ગણો વધારો
- વધારાનું ૩.૪૬ મિલીયન એકર ફૂટ પાણી સંગ્રહ થઇ શકશે.
- દરવાજા બંધ થવાથી ૪,૨૬,૭૮૦ કરોડ લીટર પાણીનો જથ્થો દરિયામાં વ્યર્થ વહી જતો અટકાવી શકાશે અને તેનો સંગ્રહ થશે.
- જળ વિદ્યુતના ઉત્પાદનમાં આશરે ૪૦% નો વધારો

- વર્ષ ૨૦૧૬-૧૭માં ૩૨૦ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થયું હતું. તેના ૪૦% મુજબ ગણીએ તો દરવાજા બંધ થવાથી વાર્ષિક ૧૨૦ કરોડ યુનિટ વધારે વીજ ઉત્પાદન થશે. જેની કિંમત આશરે રૂ. ૪૮૦ કરોડ ગણી શકાય.
- ઉપરાઉપરી પાણીની તંગીના વર્ષોમાં ડેમમાં પાણીનો સંગ્રહ આશીર્વાદરૂપ.
- બંધમાં થયેલ આ વધારાના પાણીનો સંગ્રહ તે પછીના દુષ્કાળના વર્ષોમાં પીવા-ઘરવપરાશ માટે તેમજ પશુધન માટે ઉપલબ્ધ થશે.
- આમ ગુજરાતમાં દુષ્કાળ હવે ભુતકાળ બની ગયેલ છે.

સરદાર સરોવર પ્રોજેકટ આગવા પ્રકારનો છે. સ્ટેટ ઓફ ધી આર્ટ પ્રોજેકટ જેમાં આગવી તમામ પ્રકારની કૌશલ્યતા રહેલી છે. ઇજનેરી કૌશલ્યનું અજોડ ઉદાહરણ, કાશ્મીર થી કન્યાકુમારી અને કંડલા થી કોહીમા સુધીનો સમગ્ર દેશના સીસી રોડ બનાવવા જેટલુ સિમેન્ટ કોંક્રીટ આ ડેમના પ્રોજેકટમાં વપરાયુ અને વિશ્વનો બીજા નંબર નો સૌથી મોટો પ્રોજેકટ છે.

ગુજરાતની પ્રજા ઝંખતી હતી નર્મદાના નીર અને યોજના ઘેરાયેલી હતી અનેક અંતરાયો વચ્ચે પરંતુ દૃઢ રાજકીય ઇચ્છા શકિત અને નિર્ણયશક્તિ સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સરદાર સરોવર યોજનાને આપી ટોચની અગ્રતા. તેઓની અસાધારણ કુનેહ અને દીર્ઘદર્ષ્ટિનો લાભ ગુજરાતને મળ્યો.

રાજયના ૧૮,૦૦૦ જેટલા ગામો પૈકી ૧૦ હજાર જેટલા ગામો અને ૧૭૩ શહેરો તમામ મહાનગરોને નર્મદાના પીવાના પાણી માટે સમાવેશ થયેલ છે. રાજયના ૧૭ જિલ્લાના ૭૯ તાલુકાની ૧૮ લાખ હેકટર વિસ્તારને સિંચાઇનું પાણી પુરૂ પડશે. જેનો ૧૦ લાખ કરતા વધારે ખેડૂતોને લાભ થશે. એટલે કે સિંચાઇ માટે ૮૮%, પીવા માટે ૧૦ ટકા, અને ૨ (બે) ટકા ઉદ્યોગોને પાણી મળશે, કોંગ્રેસના ભ્રામક પ્રચાર સામે આ વાસ્તવિકતા છે. હાલમાં જ ગુજરાતના ૭,૫૦૦ જેટલા ગામડા અને શહેરોમાં “મા નર્મદા મહોત્સવ” માં ૮૦ જેટલા રથો ફર્યા અને ઠેર-ઠેર ઉમળકાભેર નર્મદા મૈયાનું સ્વાગત થયું. અંદાજે ૪૦ લાખ જેટલા ભાઇ-બહેનોએ તેમાં ભાગ લીધો.

આમ અવિરત પણે સંઘર્ષ સાથે ગુજરાતના વિકાસનું સૌથી મોટી પ્રચંડ શકિતશાળી સરદાર સરોવર ડેમનું કાર્ય પુર્ણ થયું. આજની પ્રદેશ કારોબારી દેશનાં વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીને તેમની દીર્ઘદૃષ્ટિ દૃઢ વિશ્વાસ અને વિકાસની માટે તીવ્ર શકિતના પરીણામ માટે ગૌરવ સાથે બિરદાવે છે અભિનંદન આપે છે. સરદાર સરોવર ડેમના કાર્યમાં જેમનું–જેમનું યોગદાન રહ્યુ છે તેવા ભાજપાના તમામ મુખ્યમંત્રીશ્રીઓ અને હાલના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને પણ અભિનંદન પાઠવે છે. તેમજ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની હાલની રાજય સરકારોનો પણ આભાર માને છે.

## ॥ ભારત માતા કી જય ॥